વડોદરા અને વાઘોડીયા તાલુકામાં લેન્ડ રીસર્વે રેકર્ડમાં ભૂલ સુધારવા મળેલ અરજીઓ

*15/3/277 શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને વાઘોડીયા તાલુકામાં લેન્ડ રીસર્વે રેકર્ડમાં ભૂલ સુધારવા કેટલી અરજીઓ મળી છે, | **વડોદરા તાલુકો**: શૂન્ય<br><br>**વાઘોડીયા તાલુકો:** ૧૯૨૧ |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને ઉક્ત અરજીઓ પેન્ડીંગ રહેવાના કારણો શાં છે, અને | ઉક્ત સ્થિતિએ **વાઘોડીયા તાલુકામાં ૧૦૭૩** અરજીઓ પેન્ડીંગ છે. જે ગામઠાણ યોજના અંતર્ગત માપણી કામગીરી, સ્વામિત્વ યોજનાની કામગીરી, ઓનલાઇન માપણી પોર્ટલ (I-mojani) પર મળેલ અરજીઓની માપણી કામગીરી, ગ્રાન્ટ થયેલ જમીનના હુકમોની માપણી, iORA પોર્ટલ પર કરવામાં આવેલ બિનખેતીના હુકમો/મંજુર થયેલ પ્લાન મુજબ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની કામગીરી તેમજ લેન્ડ ગ્રેબીંગ કેસોની માપણી જેવી વહીવટી કામગીરી પણ સ્ટાફ દ્વારા સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થતી હોય અરજીઓ પેન્ડીંગ રહેવા પામેલ છે. |
| (૩) | બાકી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | બાકી અરજીઓના નિકાલ માટે વધુ અરજીઓવાળા ગામોના કલસ્ટર કરી ઝુંબેશરૂપે ગામે-ગામે કેમ્પ કરી નિકાલ કરવાની કામગીરી કરવાનું આયોજન કરેલ છે. |